पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -VI

# Gujarati

# Specimen

# copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રથમ સત્ર | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 1 | નાવડી ચાલી | 2 |
| 2 | ઠંડી | 6 |


## પાઠ – 1 નાવડી ચાલી

➢ **શબ્દાર્થ**



1) પીલું = મરઘી નું બચ્ચું
2) નાવડી = નાવ

### સ્વાધ્યાય

➢ **સાહિત્ય**

**પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) કીડી અને ભમરા સાથે કોણ – કોણ ફરવા નીકળ્યું?

જ) કીડી અને ભમરા સાથે પીલું, દેડકો અને ઉંદર ફરવા નીકળ્યા.

2) પાણીમાં કોણ કૂદી પડ્યુ?

જ) પાણીમાં દેડકો કૂદી પડ્યો.

3) તરતાં કોને – કોને આવડતું નહોતુ?

જ) તરતાં કીડી , ભમરા ,પીલું, દેડકો અને ઉંદરને આવડતું નહોતું.

4) પીલું ઝડપથી શું લઈ આવ્યું?

જ) પીલું ઝડપથી પાંદડું લઈ આવ્યુ.

5) નાવડી બાનાવવા કોણ શું લઈ આવ્યુ?

જ) નાવડી બાનાવવા પીલું પાંદડું , ઉંદર કાછલી , કીડી લાકડી અને ભમરો દોરી લઈ આવ્યો.

- <u>વ્યાકરણ</u>

## પ્ર-2 ઉદાહરણ મુજબ વાક્યપ્રયોગ કરો.

ઉ:દા દેડકો : દેડકો પાણીમાં ડ્રાંઉં.... ડ્રાંઉં.... કરે છે.

ચકલી : ચકલી ચીં....ચીં.... કરે છે.

ઉંદર : ઉંદર ચૂં.....ચૂં બોલે છે.

કબૂતર : કબૂતર ઘૂં....ઘૂં કરે છે.

ભમરો : ભમરો ગુણ..ગુણ કરે છે.

કાગડો : કાગડો કા....કા.... કરે છે.

## પ્ર- 5 કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.

## ( બોડ , રાફડો , દર , માળો , વાડો , ઘર )

1) ઉંદરનું રહેઠાણ = દર
2) વાઘ – વરુનું રહઠાણ = બોડ
3) પંખી ઝાડ પર રહેવા બાંધે છે તે = માળો
4 ) બકરી – ઘેટાંને જ્યાં પુરવામાં આવે છે તે = વાડો

5 ) માણસનું રહેઠાણ = ઘર

6 ) સાપનું રહેઠાણ = દર

## પ્ર- 6 કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.

**( શાકભાજી , પંખી , રંગ , ઋતુ , માસ , ફળ , સંબંધ )**

1) જાન્યુઆરી , ફેબ્રુઆરી , માર્ચ. = માસ

2) સફરજન ,દાડમ , કેરી = ફળ

3) રાતો , પીળો , લાલ = રંગ

4) શિયાળો , ઉનાળો , ચોમાસું = ઋતુ

5) કાકા , ફુઆ , માસી = સંબંધ

6) દૂધી , કારેલાં , ભીંડા = શાકભાજી

7) મોર , પોપટ , કાબર = પંખી

# નિબંધ

## મહેનત નું મહત્વ

ગુજરાતીમાં જાણીતી પંક્તિ છે' સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય' કવિ અહી મહેનતનો મહિમા વર્ણવે છે. જે વ્યક્તિ મહેનત કરે છે તેને સફળતા હમેશા પ્રાપ્ત થાય છે. સફળતાનો કોઈ શોર્ટકટ હોતો નથી. કેમકે કઠોર મહેનતનો બીજો કોઈ વિકલ્પ જ નથી હોતો જેની પાસે મહેનત રૂપી પારસમણી છે તેને જ સફળતા રૂપી સોનું પ્રાપ્ત થાય છે.


શ્રીમદ ભાગવત ગીતામાં પણ મહેનતનો મહિમા ગવાયો છે તેમાં લખ્યું છે કે મનુષ્યે મહેનત કર્યા વગર ખાવું જોઈએ નહી. બાઇબલ પણ કહે છે કે માણસે મહેનત વગરનું કાઇ લેવું જોઈએ નહીં. આપના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ મહેનતને મહત્વ આપતા હતા તેથી તે મહાન બની શક્યા તો આપણે પણ મહેનત કરવી જ જોઇએ.

ભારતની સૌથી મોટી રીલાયન્સ કંપની ના સ્થાપક શ્રી ધીરુભાઈ અંબાણી એક સમયે ખુબ જ નાનું કામ કરતાં હતા તથા નિરમા કંપનીના માલિક કરશનભાઇ પટેલ પણ સાયકલ પર જઈને નાની કોથળીમાં પાવડર વેચવા જતાં હતા. પોતાની મહેનત અને ધગસથી એમને સફળતાના શિખરો સર કર્યા એવીજ રીતે આપના ભૂતપૂર્વ રાષ્ટ્રપતી અને દેશના ટોચના વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામ પણ પોતાનો અભ્યાસ પૂર્ણ કરવા માટે ઘરે – ઘરે જઈને છાપા વેચવાનું કામ કરતાં હતા.

આમ મહેનત થી જ આગળ આવી શકાય છે એવું જાણી ઉપરના બધા વ્યક્તિ એ ખૂબ મહેનત કરી ખૂબ સફળ થયા તો આપણે પણ મહેનતને જ મહત્વ આપી ખૂબ મહેનત કરવી જોઈએ.

- **પ્રવૃત્તિ**

**કાગળની નાવડી બનાવી અને નોટબુકમાં લગાવો. અથવા નાવડી નોટબુકમાં દોરો અને રંગ ભરો.**



# કાવ્ય- 2 ઠંડી

## - કૃષ્ણ દવે




### ➢ અઘરા શબ્દો

| | | | |
|---|---|---|---|
| 1) | ઝટ | 2) | બંડી |
| 3) | અડકો દડકો | 4) | મીઠો |
| 5) | બરફના ગામ | 6) | હૂંફ |
| 7) | ઘારી | 8) | ટપાક |
| 9) | દડદડ | | |

### ➢ શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ઝટ | = | તરત |
| 2) | બંડી | = | એક પ્રકારનું પહેરણ |
| 3) | અડકો દડકો | = | એક પ્રકારની બાળરમત |
| 4) | મીઠો | = | આનંદ આપે તેવો |
| 5) | બરફના ગામ | = | બરફથી છવાયેલું વાતાવરણ |
| 6) | હૂંફ | = | ગરમાવો |
| 7) | ઘારી | = | એક મીઠાઇ |
| 8) | ટપાક | = | 'ટપ' અવાજ |
| 9) | દડદડ | = | અટક્યા વગર ગગડવું |

## સ્વાધ્યાય

### ➢ સાહિત્ય

**પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) ફ્રીજમાં ઠંડી કોને લાગે છે?
જ) ફ્રીજમાં ઠંડી ટામેટાને લાગે છે.

2) ટમેટું બંડી પહેરાવવા કોને કહે છે?
જ) ટમેટું બંડી પહેરાવવા દૂધીમાસીને કહે છે.

3) ટમેટાને ડાળ પર શા માટે ગમે છે?

જ) ટમેટાને ડાળ પર અડકો દડકો રમવા મળતુ હતુ અને સવારનો તડકો હૂંફ આપતો હતો તેથી ઝાડનીડાળ પર ગમે છે.

4) ફ્રીજનો દરવાજો શા માટે ખૂલ્યો?

જ) ફ્રીજનો દરવાજો ધારી લેવા માટે ખૂલ્યો.

5) ટમેટું ખુશ કેમ થયુ?

જ) ટમેટું સૂરજનો તડકો જોઈ ખુશ થયુ.

- <u>વ્યાકરણ</u>

## પ્ર-2 નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો.

1) વાસી = આ ખોરાક વાસી છે.

2) ઠંડી = આજે ખુબજ ઠંડી છે.

3) રાજા = આ રાજા છે.

4) સૂરજ = સૂરજ ગરમી આપે છે.

## પ્ર-3 નીચે આપેલા બે શબ્દો પરથી એક વાક્ય બનાવો.

1) મોબાઈલ – બૉલપેન

વાક્ય = મોબાઈલ અને બૉલપેન ઉપયોગી વસ્તુ છે.

**2)** દુધી – ચોપડી

વાક્ય = ચોપડીમાં દૂધીનું ચિત્ર છે.

3) તડકો – બરફ

વાક્ય = તડકાનાં કારણે બરફ ઓગળે છે.

## પ્ર-9 નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

**1)** ટમેટું , ઠંડી , બંડી , તડકો , સૂરજ.

ટમેટું ,, ઠંડી ,, તડકો , બંડી , સૂરજ.

# નિબંધ

## <u>મારી પ્રિય ઋતુ</u>

આપણાં દેશમાં મુખ્ય ત્રણ ઋતુઓ છે શિયાળો, ઉનાળો અને ચોમાસુ. એમાં મારી પ્રિય ઋતુ વર્ષાઋતુ છે વર્ષાઋતુમાં આકાશમાં કાળા વાદળાં ચડી આવે છે વીજળીના ચમકારા થાય છે.વાદળોના ગળગળાટ અને પવનના સૂસવાટા સાથે વરસાદ તૂટી પડે છે. બાળકો વરસાદમાં નહાય છે અને કૂદાકૂદ કરે છે. લોકોને બહાર જવું હોય તો રેઇનકોટ કે છત્રી લઈને નીકળે છે . જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. શહેરના રસ્તા અને વૃક્ષો સ્વચ્છ અને સુંદર લાગે છે . મોર કળા કરીને નાચે છે. બધા ખૂબ રાજી થઈ જાય છે.

ખેડૂતો પોતાના બળદોને લઈને ખેતરમાં જાયા છે તેઓ ખેતર ખેડે છે થોડા દિવસોમાં ખેતરમાં અનાજ ઊગી નીકળે છે. ધરતી પરનું આ દ્રશ્ય ખૂબ જ સુંદર લાગે છે. મને વર્ષાઋતુ માં ફરવા જવું ખૂબ જ ગમે છે. જ્યાં જુઓ ત્યાં લીલુછમ વાતાવરણ હોય છે.

કેટલીક વખત અતિવૃષ્ટિ થાય છે તેથી ઘણું નુકશાન પણ થાય છે. અને ઘણી જગ્યાએ વરસાદ ન આવવાથી અનાવૃષ્ટિ થાય છે તેથી અનાજ પાકતું નથી અને પાણીની તંગી પડે છે.

આમ વરસાદમાં મને બહુ જ ગમે છે અમે બધાય મિત્રો સાથે વરસાદની મજા માણવા નીકળી પડીએ છીએ આમ બધી ઋતુમાં મને વરસાદ ખૂબ જ ગમે છે. તળાવો ભરાઈ જાય છે તેથી તેમાં નાહ્વાની ખૂબ જ મજા આવે છે અને મારા મિત્રો કાગળની હોડી બનાવીને વહેતા પાણીમાં મૂકીએ છેએ.

આમ વરસાદની ઋતુ અમને ખુબ જ ગમે છે.

## ➢ પ્રવૃત્તિ

**ફ્રિજમાં કઇ- કઈ વસ્તુઓ મૂકી શકાય ? નોટબુક માં લખો.**